# મેઘરજ વિસ્તરણ રેન્જ ફોરેસ્ટ ઓફિસની બેદરકારી કે લાલીયાવાડી ૧૫થી વધારે વૃક્ષો કપાયા

## સરકારી ચોપડે ફક્ત ૫ નોંધાયા

મોડાસા, તા. ૩૧

આજે દુનિયામાં પર્યાવરણનું નિકંદન નીકળી જવાના કારણે પૃથ્વી પર વારંવાર કુદરતી પ્રકોપનો ભોગ બનવું પડે છે. વારંવાર ક્લાઈમેટ ચેન્જ જોવા મળવાનુ કારણ પણ વૃક્ષોની આડેધડ કાપી નાખવાના કારણે સર્જાય છે. ત્યારે ગુજરાત સરકારે પર્યાવરણની જાળવણી અને વૃક્ષોની જાળવણી માટે વન્ય વિભાગ અમલમાં છે ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજમાં આવેલી વિસ્તરણ રેંજ ફોરેસ્ટ ઓફિસ એ મોટી માંયડીમા ઈજરાયેલી બાવળોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યુ હોવા છતાં આંખ આડે કાન કરી પર્યાવરણને ગંભીર નુકશાન પહોંચાડી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના વિસ્તારના રેન્જ ફોરેસ્ટ વિભાગના બાઠીવાડા બીટના એસએફડીસી પ્લોટ મોટી મોયડીના હે. ૪૦૦ ના કરાયેલા ઈઝરાયેલ બાવળોનું નિકંદન કાઢી નાખવાની ઘટના બની હતી. જેમાં મેઘરજના એક પર્યાવરણ પ્રેમીએ આ નિકંદન કાઢી નખાયેલા બાવળોની ફોટોગ્રાફી કરી મેઘરજમાં આવેલી રેન્જ ફોરેસ્ટ વિતરણ ઓફીસને ધ્યાન દોરતા વન વિભાગના અધિકારીઓ અજાણે હોવાની વાત કરતાં સમગ્ર વિસ્તારમાં આશ્ચર્ય સાથે ભારે રોષની લાગણી જન્મી છે.

પ્રાપ્ત વિભાગ અનુસાર મેઘરજ રેન્જ વિસ્તારના વિસ્તરણ વિભાગ મોટી મોયડીમાં આવેલ એસએફડીસી પ્લોટમાં વન વિભાગે ઈજરાયેલ બાવળોનુ વૃક્ષારોપણ કરાયેલ અને તેના ઉછેર અને જાળવણી તેમજ પર્યાવરણ લક્ષી બની રહે તે માટે સરકાર કરોડો રૂપિયાનું આંધણ કરતી હોવા છતાં મેઘરજ સરકારી જંગલ વિભાગ નિંદ્રાધીન અવસ્થામાં છે. મોટી મોયડી પ્લોટમાં ઉછારેલ ઈઝરાયેલ બાવળમાંથી ૧૫ થી વધારે બાવળો ઈસમોએ કાપી નાખ્યા હતા. ત્યારે આ અંગે મેઘરજ વિસ્તારમાં હોહા થતાં વન વિભાગ તંત્રમાં દોડધામ મચી હતી. ત્યારે બાંઠીવાડા બિટના વનપાલક મધુબેન ખાંટ દ્વારા આવા ઈસમો સામે ફક્ત પાંચ જ બાવળ કપાયાની ફરીયાદ નોંધી છે અને ઘટના પર ઢાંકપિછોડો કરવાની સાથે પાંચ બાવળ કાપવા માટે ૧૬ આરોપીઓને ૩૬૦ રૂપિયાનો દંડ કરી કાર્યવાહી પૂર્ણ કરતાં મોટી મોયડી ગામમાં બાંઠીવાડા બિટના વનપાલક મધુબેન ખાંટ સામે પ્રજાજનોનો રોષ જોવા મળવા સાથે અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. અને લોકોએ માંગણી કરેલ છે કે અરવલ્લી જિલ્લા વન વિભાગ આ ઘટનાની તટસ્થ કામગીરી કરી મેઘરજ રેન્જ વિતરણ ફોરેસ્ટ વિભાગના જવાબદાર સ્ટાફ સામે પણ યોગ્ય પગલા ભરવામાં આવે.



(તસવીર : જય અમીન, મોડાસા)

### વૃક્ષ નિકંદન કાઢનાર વ્યક્તિઓના નામ

ભીમાભાઈ કાળુભાઈ લીંબોઈ - મેઘરજ, કાળુભાઈ રામાભાઈ રાવલ, ડાહ્યાભાઈ સોમાભાઈ, સેનાભાઈ ઈંદરભાઈ, રામાભાઈ મોતીભાઈ, લાલાભાઈ છનાભાઈ, જવાભાઈ સોમાભાઈ, હીરાભાઈ સોમાભાઈ, અમરાભાઈ પુજાભાઈ રાવળ, રમેશભાઈ પુજાભાઈ રાવળ, અર્જુનભાઈ પુજાભાઈ રાવળ, રમેશભાઈ કાળુભાઈ રાવળ, જયંતિભાઈ હિરાભાઈ રાવળ ડાહ્યાભાઈ ભેમાભાઈ રાવળ.

# ઊંઝા હાઈવે પર પેટ્રોલ પંપના માલિકને માર મારી ૧.૮૪ લાખની લૂંટ

ઊંઝા, તા.૩૧

ઊંઝા નજીકના ઉનાવા ગામે ધોળા દિવસે હાઈવે પર આવેલ સીએનજી પેટ્રોલ પંપના સહભાગીદારને માર મારી રૂપિયા ૧,૮૪,૦૦૦ની દિલધડક લૂંટ ચલાવી ફરાર થનાર ૩ શખ્સો પૈકી બે શખ્સોને જિલ્લાની સ્પેશિયલ સ્કવોર્ડે પકડી પાડી લૂંટમાં ગયેલ મુદ્દામાલ પૈકી ૧ લાખની રોકડ રકમ તથા ગુનામાં વપરોલ ઓટો રીક્ષા કબજે કરી વધુ તપાસ આરંભી છે.

વિગત એવી છે કે તાજેતરમાં ઉનાવા ખાતે હાઈવે પર આવેલ અંબિકા પેટ્રોલ સીએનજી પંપના સહભાગીદાર કમ કેશિયર ભરતભાઈ હરગોવનભાઈ બારોટ બપોરના દોઢેક વાગે પંપ પરથી રૂપિયા ૧૮૪૦૦૦ની રોકડ રકમ લઈને એકટીવા પર બેંકમાં ભરવા જવા માટે નીકળ્યા હતા ત્યારે પંપ પાસે જ પાછળથી ઓટો રીક્ષામાં બેસીને આવેલા બે ત્રણ બુકાનીધારી શખ્સોએ એકટીવા ને પાટુ માર્યું હતું જેથી કેશિયર નીચે પડી જતા અજાણયા શખ્સોએ તેમના પર હુમલો કરી ૧.૮૪ લાખની રકમની દિલધડક લુંટ ચલાવીને કયાંક નાસી છૂટયા હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી પરંતુ લુંટારુઓની કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ જિલ્લા પોલીસ વડાએ આ ગુનાની તપાસ સ્પેશિયલ સ્કવોર્ડને સોંપી હતી જેથી આ સ્કવોર્ડના અધિકારીએ સ્ટાફ સાથે તપાસ કરી હતી. આ ગુનામાં સંડોવાયેલ યુસુફખાન ઉર્ફે બાબુ રસુલખાન પઠાણ રહે. ઉનાવા તથા નૂરમહંમદ ઉર્ફે નૂરા સુલતાનખાન પઠાણ રહે. મહેસાણાને પકડી પાડી તેઓની પાસેથી લુંટમાં ગયેલ મુદ્દામાલ પૈકી અંદાજે ૧ લાખ જેટલી રોકડ રકમ કબજે કરી આ ગુનામાં વપરાયેલ ઓટોરીક્ષા પણ કબજે કરી હતી.

પકડાયેલ શખ્સોની પોલીસે સઘન પુછપરછ કરી હતી જેમાં આ ગુનામાં ઉનાવાનો કલ્પેશગીરી ચંચળગીરી ગોસ્વામીની પણ સંડોવણી હોવાની હકિકત બહાર આવતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. આમ બે દિવસમાં જ લૂંટના ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો હતો.

# ખોડંબામાં નિયોન કંપની ખાતે મોકડ્રીલ યોજાઈ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા. ૩૧

ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા દરેક કારખાનામાં આકસ્મિક સંજોગોમાં કંપની દ્વારા સતર્કતા જળવાય તે માટે જિલ્લા લેવલે ક્રાઈસીસ ગૃપ બનાવી વર્ષમાં એક વાર મોકડ્રીલ રાખવામાં આવે છે. તેના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે ખોડંબા ખાતે આવેલ નિયોન ગેસ કંપની ખાતે સરકારી અધિકારીઓની હાજરીમાં મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના ડીસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગૃપ દ્વારા જિલ્લામાં આવેલ વિવિધ જોખમી કારખાનાઓ અને ઔદ્યોગિક એકમોમાં સંભવિત ઈમરજન્સીના સાધનોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક મદદ મળી રહે તેમજ તેઓની સતર્કતાનુ માપદંડ ચકાસવા શામળાજી પાસે આવેલ નિયોન ગેસ કંપની ખાતે આ મોક ડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં ટેન્કરમાંથી લાવવામાં આવતો ગેસને અનલોડ દરમિયાન લાગેલ આગ જેવી ઉભી થયેલ ઈમરજન્સીને કાબુમાં લેવા કારખાનામાં સ્ટોર કરવામાં આવેલ બુલેટ પર પાણીનો મારો ગેસ ફીલિંગ સ્ટેશન પર આગ પ્રસરે નહિ તે માટે વોટર સ્પ્રીક્લાર ચાલુ કરાવી ફાયર ટેન્કર દ્વારા ઘટના સ્થળે પાણી દ્વારા લાગેલ આગને બુજાવવામાં આવી હતી. તેમજ ઈમર્જન્સીમાં કર્મચારીઓને એમ્બ્યુલન્સ દ્વારા દવાખાનો પહોંચાડવા વગેરે ઘટનાઓ ક્રમબદ્ધ કરવામાં આવી હતી.

નિયોન ગેસ ફેક્ટરી પર આજરોજ કોઈ આકસ્મિક દુર્ઘટના સમયે રાખવામાં આવતી સતર્કતા અને જો આ વ્યવસ્થામાં કોઈ ખામી હોય તો તેને સુધારી શકાય તે માટે ખોડંબા ખાતે આવેલ નિયોન ગેસ કંપની ખાતે સરકારી અધિકારીઓ પોલીસની ઉપસ્થિતિમાં મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પાલનપુર શહેરને પ્લાસ્ટીક મુક્ત બનાવવા કાપડની થેલીઓનું વિતરણ કરાયું

પાલનપુર, તા. ૩૧

પાલનપુર શહેરને પ્લાસ્ટીક મુક્ત અને સ્વચ્છ બનાવવા સ્વામી વિવેકાનંદ મંડળ દ્વારા એક પ્રેરણાદાયી શરૂઆત કરવામાં આવી છે. જે અન્વયે પ્રથમ તબક્કામાં કાપડની ૪૦૦૦ થેલીઓનું મંત્રીશ્રી રમણલાલ વોરા, કલેક્ટરશ્રી દિલીપ રાણા વગેરેના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેકટરશ્રી ગણપતભાઈ જોષી, રામપુરા-દામા મઠના સાધ્વીજી શ્રી નિર્મલપુરીજી, વિવેકાનંદ મંડળના પ્રમુખ અને મંત્રીશ્રી તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના ખંભીસર નજીક ટ્રકે ઊંટગાડીને ટક્કર મારતા બે ઘાયલ

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મોડાસા-હિંમતનગર મુખ્ય માર્ગ પર આવેલા ખંભીસર ગામના બસસ્ટેન્ડ નજીક આજે સવારે શાકભાજીથી ભરેલી ઊંટગાડીને પાછળથી પૂરઝડપે ઘસી આવી ટ્રકે ટક્કર મારતાં ઊંટગાડી પલટી ગઈ હતી. જેમાં ઊંટગાડીમાં સવાર બે વ્યક્તિઓને ઈજા થતા સારવાર માટે દવાખાને ખસેડાયા હતા.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામના કાળાભાઈ લાલાભાઈ રાવળ ઊંટગાડીમાં શાકભાજીનો ધંધો કરતા હોવાથી ઊંટગાડીમાં શાકભાજી ભરીને આજે સવારે ૭.૩૦ કલાકે ખંભીસર જવા નીકળ્યા હતા. ત્યારે ખંભીસર બસ સ્ટેન્ડ નજીક ટ્રકે (ગાડી નં. જીજે-૧૭-ટી-૫૨૨૪)ના ચાલકે મોડાસા તરફથી પુરપાટ ઝડપે બેફામ રીતે હંકારી આગળ જઈ રહેલ ઊંટગાડીને અડફેટે લેતાં ઊંટગાડી બે-ત્રણ પલટી મારી ગઈ હતી. ઊંટગાડીમાં સવાર બે વ્યક્તિઓને જીવલેણ ઈજાઓ થતા અકસ્માતના કારણે આજુબાજુથી દોડી આવેલા લોકોએ ૧૦૮ બોલાવી તાત્કાલીક મેઢાસણ રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે ઈજાગ્રસ્તોને ભારે ઈજાઓ હોવાથી તેમના સંબંધીઓ મેઢાસણ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. અત્યારે બન્ને ઈજાગ્રસ્તોની હાલત સ્થીર છે. અકસ્માતનો ભોગ બનનાર ઊંટગાડી ચાલકને ઊંટગાડીમાં ભરેલી ૧૦ હજાર રૂ.થી વધારે શાકભાજી રોડ ઉપર ફંગોળાઈ ગયું હતું. જ્યારે ઊંટઘાડીને પણ નુકશાન થયુ હતુ. સદનસીબે ઊંટને સામાન્ય ઈજાઓ થઈ હતી. આ અકસ્માત સર્જનાર ટ્રકચાલક ટ્રક ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર શીયાળાની ઝાંકળના કારણે આગળ જઈ રહેલી ઊંટગાડી ન દેખાતાં ટ્રકચાલકે અકસ્માત સર્જ્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા તાલુકાના બાઈવાડા ગામે આવેલ શ્રી રામદેવ પીર મંદિર ખાતે ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈની સાકરતુલા યોજાઈ હતી. જેમાં બાઈવાડા ગામના તમામ લોકો હાજર રહ્યા હતા. ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ ગામના વિકાસમાં હંમેશા ખડે પગે રહેવાની ખાત્રી આપી હતી. ડીસા તાલુકાના બાઈવાડા ગામના શ્રી રામદેવ પીર મંદિર ખાતે ગુરૂવારે ડીસા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈનો સાકરતુલા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના માજી ચેરમેન અને ડીસા તાલુકા સંઘના ડીરેકટર મગનભાઈ દેસાઈ, ડીસા તાલુકા સંઘના ડીરેકટર અને માજી સરપંચ કરશનભાઈ જોટાણા, નરસિંહભાઈ દેસાઈ, ડાયાભાઈ જગશીભાઈ દેસાઈ, રાણાભાઈ આલ, સાગરભાઈ દેસાઈ, વાહજીભાઈ બારોડ, જામાભાઈ કળોતરા, નાગજીભાઈ માજીરાણા, સોમાભાઈ રાવળ, ઉકાભાઈ રાવળ, જોરાભાઈ ખટાણા, મોબતાજી ઠાકોર, મફાભાઈ હરીજન, ખેમાભાઈ પ્રજાપતિ, મફાભાઈ સુથાર સહિત શ્રી રામદેવ યુવક મંડળના સભ્યો અને ગ્રામજનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ બાઈવાડા ગામના તમામ લોકોને તેઓનું સન્માન કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો અને બાઈવાડા ગામના વિકાસમાં ખડેપગે રહેવાની ખાત્રી આપી હતી.

# વડનગરના સિપોર શાખાનું એ.ટી.એમ. મશીન ૧ માસથી બંધ : ગ્રાહકોમાં ભારે રોષ

મહેસાણા, તા.૩૧

વડનગરના સિપોર ખાતે દેના બેંક શાખાની બેદરકારી કહે કે આળશ જેના લીધે છેલ્લા ૧ માસથી એ.ટી.એમ. મશીન બંધ અને ખંડેર હાલતમાં પડી રહ્યું છે. પરિણામે એ.ટી.એમ. માં રૂપિયા લેવા આવતા ગ્રાહકોએ વારંવાર ધક્કા ખાવા પડે છે. જેથી ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં સિપોરમાં દેનાબેંકની શાખા કાર્યરત છે જયાં બેંક દ્વારા ગ્રાહકની સુવિધા માટે એ.ટી.એમ. મશીન પણ મુકવામાં આવ્યું છે. પરંતુ એ.ટી.એમ. મશીન યોગ્ય દેખરેખના અભાવે છેલ્લા એક માસથી બંધ હાલતમાં પડયું છે. એ.ટી.એમ. મશીન ખોરવાડા એ.ટી.એમ. સેન્ટર સાવ ખંડેર બની ગયું છે. પરિણામે રૂપિયા લેવા આવતા ગ્રાહકને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને આજ સ્થિતિ હજુ સુધી રહેવાની હોય તો એ.ટી.એમ. મશીન પરત લઈ જાય તેવા આક્રોશ સાથે મહેસાણા વિભાગીય કચેરીના અધિકારીને લેખિતમાં જાણ કરી હતી. જયારે મહેસાણા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન ડૉ. કાંતિલાલ રાવલે પણ લેખિત રજૂઆત કરી એ.ટી.એમ. મશીન શરુ કરવા માંગ કરી છે.

# પાલનપુરમાં જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૩૧

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વર્ષ-૨૦૧૫-૧૬ના જિલ્લાના રૂ. ૨૦.૯૭ કરોડના કામો અને નગરપાલિકા કક્ષાના કુલ રૂ. ૧૫૪.૭૩ લાખના મળી કુલ રૂ. ૨૨.૫૧ કરોડના કામો મંજુર કરવામાં આવ્યા હતા. જિલ્લાના આયોજનમાં ૧૫ ટકા વિવેકાધિન સામાન્ય, ખાસ અંગભૂત યોજના, આદિજાતિ ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ વગેરે અન્વયે વિકાસકામો મંજુર કરવામાં આવ્યા હતા.

બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ તથા જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જાહેર હિત ધરાવતા વિકાસકામોને અગ્રતા આપીએ તેમજ અધિકારીઓ અને પદાધિકારીશ્રીઓ સૌ સાથે મળીને સમયમર્યાદામાં અને સારી ગુણવત્તાનાં વિકાસકામો થાય તેની કાળજી રાખીએ. મંત્રીશ્રીએ કામોની વિગતવાર સમીક્ષા કરતાં માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. તેમણે કહ્યું કે જિલ્લાની દરેક શાળામાં શૌચાલય હોય તેમજ દરેક શાળાને પીવાના પાણીની સગવડ સારી રીતે મળવી જોઈએ તથા દિકરીઓને શાળાએ આવવા-જવા માટે બસની સુવિધા મળે તે માટે તેમણે પાણી પુરવઠા બોર્ડ અને ગુજરાત એસ.ટી. નિગમના અધિકારીઓને સુચના આપી હતી.

મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યુ કે જિલ્લામાં સરસ સ્વચ્છતા જળવાય તથા દરેક ઘેર શૌચાલય બને તે માટે સૌ સક્રિય બની પ્રયાસો કરીએ. મંત્રીશ્રીએ પદાધિકારીઓ અને અધિકારીઓને અનુરોધ કરતાં જણાવ્યું કે જિલ્લામાં સર્વાંગી, સમતોલ અને ઝડપી વિકાસ થાય તે માટે ગામો દત્તક લઈને તેના વિકાસ માટે સક્રિય પ્રયત્નો કરીએ. બેઠકમાં વિકાસશીલ તાલુકાઓ વિશે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

બેઠકમાં ધારાસભ્યો સર્વશ્રી કેશાજી ચૌહાણ, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી ગોવાભાઈ દેસાઈ, શ્રી જોઈતાભાઈ પટેલ, શ્રી ધારશીભાઈ ખાનપુરા, શ્રી મણીભાઈ વાઘેલા, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી કાન્તીભાઈ ખરાડી, કલેકટરશ્રી દિલીપ રાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, આયોજન અધિકારીશ્રી પટણી, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## રણાસણ ગામે સંગીતમય સુંદરકાંડનો પાઠ યોજાયો

વડાગામ નજીકના રણાસણ ગામે સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. અશ્વિન પાઠકે સુંદરકાંડનું રસપાન કરાવ્યું હતું. સુંદરકાંડ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ડો. પંકજભાઈ પ્રજાપતિ અમૃતલાલ સોની, પૂનમભાઈ ભાવસાર તથા ગામના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦